

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

શનિવારથી દુઃખીયાઓના દુઃખ હરનારી મા દશામાના વ્રતનો શુભારંભ થઈ રહ્યો છે. બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતમાં છેલ્લા કેટલાક વર્ષોથી દશામાના વ્રતનો મહિમા વધી રહ્યો છે. તેથી વ્રત નજીક આવતા જ શહેરી વિસ્તારોમાં માતાજીની વિવિધ મુદ્રાઓવાળી મૂર્તિઓ નજરે પડવા લાગી છે. હાલમાં ખાસ કરીને મહિલાઓ માતાજીની મૂર્તિઓ ખરીદવા લાગી છે. વ્રતધારી મહિલાઓ ઘરે માતાજીની મૂર્તિની સ્થાપના કરી દસ દિવસ ઉપવાસ રાખી માતાજીની પૂજા અર્ચના કરશે. વ્રત નજીક આવતાં જ વ્રતધારીઓમાં આનંદની લાગણી છવાઈ છે.

# મોડાસામાં પાણી ભરાવાના મુદ્દે ફરી ચક્કાજામ

મોડાસા તા. ૨૪

આજ થી ચાર દીવસ પહેલા મોડાસા શહેર માં એક રાત માં ૧૦ ઈંચ વરસાદ પડવાને લઈ ને મોડાસા ની સોસાયટી ઓ જાણે બેટમાં ફેરવાઈ ગઈ હતી ત્યારે મોડાસા ની કોલેજ રોડ ઉપર આવેલ સોસાયટી ના હરીશો દ્વારા રોડ ચકકાજામ કરવામાં આવ્યો હતો અને પોલીસ દ્વારા ઘર્ષણ થતાં હળવો લાઠી ચાર્જ પણ કરવામાં આવ્યો હતો અને એ વખતે એસ.ડી.એમ એ વચ્ચે પડી ને પાણી ના નીકાલ ની હૈયા ધારણા આપી મામલા ને શાંત પાડયો હતો

ત્યારે ગઈકાલે રાત્રે ફરીથી એક કલાક જેટલા સમયગાળ માં ૩ ઈંચ જેટલો મુશળભાર વરસાદ પડતા ફરી કોલેજ રોડ ઉપર આવેલ સોસાયટી માં ફરી થી પાણી ભરાતા રહીશો એ તંત્ર સામે લાલ આખ કરી હતી અને સ્ત્રીઓ ,પુરુષો,અને બાળકો સાહીત રોડ ઉપર આવી રોડ ને ચકકાજામ કરી નાખ્યો હતો ત્યારે આ વાત ની જાણ તંત્ર ને થતા નાયબ કલેકટર અને તથા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા શહેર માં જો એક જ કલાક માં ચાર ઈંચ વરસાદ વરસીજાયછે. ને સોસાયટી ઓ બેટ માં ફેરવાઈ જાય છે ત્યારે ચાર દીવસ પહેલા પડેલ ૧૦ ઈંચ વરસાદવરસ્યો હતો તેના પાણી નો તંત્ર હજુ નીકાલ કરી શકાયો નથી ત્યાં ગત રાત્રી એ બીજો ત્રણ થી ચાર ઈંચ વરસાદ પડતા બધી સોસાયટીઓ માં ફરી થી પાણી ભરાઈ ગયા હતા જેને લઈ ને લોકો માં રોષ ફાટી નીકળતા લોકો ફરી થી રોડ ઉપર ઉતરી પડી રોડ ને ચકકા જામ કરી નાખ્યો હતો

ત્યારબાદ આજે ફરીથી નાયબ કલેકટરે આવીને ફરીથી મામલો થાળે પાડયો હતોત્યાર બાદ લોકોએ પોતાના એરીયા ના કોર્પોરેટર નો હુરીયો બોલાવતા કલેકટર કચેરી એ પહોચ્યા હતા અને કલેકટર ને મૌખીક માં પાણી ના નીકાલ માટે ઉગ્ર રજુઆત કરી હતી.

# મોડાસા કોલેજમાં થેલેસેમીયાના ટેસ્ટનુ આયોજન કરવામાં આવ્યું

મોડાસા તા.૨૪

અરવલ્લી જીલ્લા ના મોડાસા શહેર માં આવેલ મ.લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલીત એચ.એસ.શાહ કોલેજ અને બી.એચ.ગાંધી બી.બી.એ કોલેજ ના વિદ્યાર્થીઓ એ ગુજરત રાજય સરકાર દ્વારા હાલ માં ફરજીયાત થેલેસેમીયા નો ટેસ્ટ કરાવાનુ નકકી કર્યુ છે તેના ભાગરૂપે આજે મોડાસા ની કોલેજ માં આજે થેલેસેમીયા ટેસ્ટ નુ આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં કુલ ૪૫૦ થી પણ વધુ વીદ્યાર્થીઓ એ આ ટેસ્ટ નો લાભ લીધો હતો.

મોડાસા કોલેજ અને એન.એસ.એસ. અંર્તગત ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી અમદાવાદ ના સહયોગ થી થેલેસેમીયા ના ટેસ્ટ નુ આયોજન કકરવામાં આવ્યુ હતુ જેમાં કોલેજ ના ૪૫૦ થી વધુ વીદ્યાર્થીઓ એ આ ટેસ્ટ નો લાભ લીધો હતો હાલ આ ટેસ્ટ માટે નો નવો ચાર્જ ૧૫૦ રૂપીયા છે પરંતુ કોલેજના આચાર્ય ડૉ સુધીરભાઈ જોષી ના પ્રયત્ન થી આ ટેસ્ટ ૧૦૦ રૂપીયા માં કરવામાં આવ્યો હતો આ ટેસ્ટ ગુજરાત સરકાર દ્વારા કોલેજના વીદ્યાર્થીઓ માટે ફરજીયાત છે. જેનો હેતુ આવનારી ભાવી પેઢી થેલેસેમીયાગ્રસ્ત ના જન્મે તે માટે આ પરીક્ષણ કરવામાં આવે છે. થેલેસેમીયા ગ્રસ્ત બાળક કુટુંબ માટે શારીરીક આર્થીક અને માનસીક મુશ્કેલી સર્જી શકે છે.



અષાઢ વદ અમાસને શનિવારના રોજથી શ્રી દશામાનાં વ્રતનો પ્રારંભ થશે. દર વર્ષની જેમ આ વર્ષે પણ સમગ્ર પ્રાંતિજ પંથકમાં મહિલાઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. દશામાંના ધાર્મિક વ્રતને લઈ પ્રાંતિજના દશામાં મંદિર અને ભૈરવનાથ મંદિર વ્યવસ્થાપક મંડળ દ્વારા પ્રતિ વર્ષની પરંપરા અનુસાર ૨૬મી જુલાઈના રોજ સવારે ૭.૩૦ કલાકે શ્રીફળ હોમ, ૯ કલાકે ધજા અને ૧૦ કલાકે મૂર્તિની સ્થાપના કરવામાં આવશે. જયારે તા. ૨ ઓગષ્ટના રોજ સમૂહ આરતી અને તા. ૪ ઓગષ્ટને સોમવારના રોજ અન્નકૂટ ભરાશે તેમજ રાત્રિના દરમિયાન ગરબાનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

# મોડાસાની એમ.એસ.ડબલ્યુ. કોલેજ દ્વારા શબ્દસેતુ કાર્યક્રમ યોજવામાં આવ્યો

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જીલ્લા ના મોડાસા શહેર માં આવેલી આજરોજ પુર્ણાહુતી કરવામાં આવી હતી



મોડાસા શહેર એટલે એમ.એસ.ડબલ્યુ કોલેજ દ્વારા શબદસેતુ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેની વધા ની નગરી એને મોડાસા સમાજના કાર્ય ના ઉતકૃષ્ટ વિચાર જે ચરીતાર્થ કરી કાર્યરત મ. લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ દ્વારા કે. એચ.મોદી એમ. એસ. ડબલ્યુ કોલેજ દ્વારા સમાજ માં કાર્યરૂપી દીપ પ્રજલીત કરી લોકો માંજાગૃતી અને સહકાર સંપની ખેવના નો ચોમેરે પ્રકાશ ફેલાય એવુ સમર્થ કાર્ય કરે છે. ત્યારે આ સંસ્થામાં અધ્યાપકશ્રીઓ અને વ્ધાર્થીઓ દ્વારા પ્રથમ સેમેસ્ટર માં માં આવેલ વીદ્યાર્થીઓ માટે સમાજના કાર્ય અભ્યાસક્રમ ના ભાગરૂપે અને તેની પ્રવૃતી થી વાકેફ થાય તે હેતુ થી શબ્દ સેતુ કાર્યક્રમ નુ આયોજન કરવામાં આવ્યુ હતુ

# ચોરાયેલા ડાયમંડ પૈકી ૫૦ ટકાની પણ રિકવરી ન થઈ

## ગુજરાત વિધાનસભામાં માહિતી અપાઈ : ગુજરાતના ડાયમંડ હબ ગણાતા સુરતમાં છેલ્લા પાંચ જ વર્ષમાં ડાયમંડ લૂંટના ૧૪ અને ચોરીના ૩૫ કેસ નોંધાયા

અમદાવાદ,તા. ૨૪

ગુજરાતના ડાયમંડ હબ તરીકે સુરતને ગણવામાં આવે છે. સુરતમાં છેલ્લા પાંચ વર્ષના ગાળામાં ડાયમંડ લૂંટના ૧૪ બનાવો નોંધાઈ ચુક્યા છે. જ્યારે ડાયમંડ ચોરીના ૩૫ બનાવો ૨૦૦૯ બાદથી નોંધાઈ ચુક્યા છે.

ગુજરાત વિધાનસભામાં આ અંગેની માહિતી પ્રધાન દ્વારા આપવામાં આવી હતી. ગૃહ રાજ્યમંત્રી રજનીકાંત પટેલે જામનગરના ગ્રામીણ ધારાસભ્ય રાઘવજી પટેલના પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે, પોલીસ ચોરાયેલા ડાયમંડ પૈકી ૫૦ ટકાથી પણ ઓછા રિકવર કરવામાં સફળ થઈ નથી. પટેલે માહિતી આપતા કહ્યું હતું કે, પાંચ વર્ષના ગાળામાં ૩૫ એવી ફરીયાદો નોંધાઈ છે જે પૈકી ૨૦૧૦ અને ૨૦૧૧માં આવી ફરીયાદો ઓછી હતી. ૨૦૧૦ અને ૨૦૧૧ના ગાળા દરમિયાન ડાયમંડ ચોરી અને લૂંટના બનાવોમાં એકાએક વધારો થયો છે.

૨૦૧૦ અને ૨૦૧૧માં ડાયમંડ ચોરીના ક્રમશઃ ૧૦ અને ૯ બનાવ નોંધાયા હતા. ૨૦૧૦માં સાતમાં રિકવરી અને ૨૦૧૧માં ત્રણમાં રિકવરી થઈ હતી. ગુજરાત વિધાનસભામાં આ અંગેની મહત્વપૂર્ણ માહિતી આપવામાં આવી હતી.એક અગ્રણી અંગ્રેજી અખબારમાં આ અંગેના અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યા બાદ આને લઈને લોકોમાં ચર્ચા રહી છે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા મામલતદાર કચેરીની બાજુમાં આવેલ હવામાન કચેરીના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરાયું હતું. નગરપાલિકા પ્રમુખ ડૉ. તેજલબેન પટેલના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.હવામાન ખાતાના અધિકારી મહેન્દ્ર ચૌધરીએ જણાવ્યું હતું કે વૃક્ષારોપણ દરમ્યાન ૧૫૦ જેટલા વૃક્ષો વાવવામાં આવ્યા છે તમામ કચેરીઓ અને સ્કુલોમાં પણ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. વિશ્વ પર તોળાઈ રહેલ ગ્લોબલ વોર્મિંગ સામે પર્યાવરણને બચાવવું ખુબજ જરૂરી છે. લોકોએ વૃક્ષોનું જતન કરવું જોઈએ.

# મોડાસામાં વરસાદી પાણી ભરાતા મુસ્લિમોમાં રોષ

## ગટરોનું સફાઈકામ કરતા કોન્ટ્રાકટરને બ્લેકલિસ્ટ કરવા માંગ : નાયબ કલેક્ટર આવતા મામલો થાળે પડ્યો

મોડાસા, તા. ૨૪

સરકારની ગ્રાન્ટો ક્યાં ઠેકાણે પાડી દેવી તેવા જ સ્વપ્નોમાં રાંચતા મોડાસા નગરપાલિકાના સત્તાધીશોનું પાપ છાપરે ચઢી પોકારવા લાગ્યું છે. થોડા સમય અગાઉ મુસ્લીમ વિસ્તારમાં પાણીનો નિકાલ ન થતા મોડાસા ધનસુરા માર્ગને જામ કરનાર રહિસો ફરીથી આજે રસ્તા પર બેસી જઈ રસ્તો ચક્કાજામ કર્યો હતો. આખરે નાયબ કલેક્ટરે આવીને મામલો થાળે પાડ્યો હતો.

મોડાસા નગરપાલિકાના વિવિધ કામોમાં ભ્રષ્ટાચારનો એરૂ આભડી ગયો હોય તેમ નવા પ્રમુખના શાસનમાં ખુબજ બુમો વધી ગઈ છે. ગટરોના કરોડો રૂપિયા નિયમ મુજબ વપરાતા નથી. ખાસ કરીને મોડાસાની ન્યુ લક્ષ્મીનગર, વિદ્યાકુંજ સહિત ૧૦ જેટલી મુસ્લીમ સોસાયટીઓ જળબંબાકાર થઈ જાય છે. થોડા દિવસ પહેલા મુસ્લીમ વિસ્તારના રહિસોએ મોડાસા ધનસુરા હાઈ-વે જામ કર્યો હતો ત્યારે ૧૦ ઈંચ વરસાદ પડ્યો હતો. પણ ગઈકાલ રાત્રીએ માત્ર ૪ ઈંચ વરસાદ પડતા જ ફરી જળબંબાકારની સ્થિતિ સર્જાતા આજે મખહુમ ચોકડી પર મુસ્લીમ સમાજના લોકોએ ચક્કાજામ કર્યો હતો. મોડાસા નાયબ કલેક્ટર તથા ટાઉન પી.આઈ. ચૌધરી સહિતનો સ્ટાફ આવીને મામલો થાળે પાડ્યો હતો. વાસ્તવમાં મોડાસા નગરપાલિકાના પ્રમુક એસ.આર. પટેલ તથા ચીફ ઓફિસર એલ.બી. દેસાઈના માર્ગદર્શનમાં લાખો રૂપિયાના ખર્ચે એવી તે કેવી ગટરો નાખી છે કે પાણીનો નિકાલ કરી શકતી નથી ? હકિકતમાં ગટરોના રૂપિયા માનીતા કોન્ટ્રાક્ટરોમાં ઘર કરી ગયા છે. અને સમસ્યા ઠેરની ઠેર છે. સમગ્ર મોડાસાનું કેન્દ્રીય લેવલની સર્વે ટીમ સેટેલાઈટ મેપીંગ કરી પાણીના નિકાલનો સર્વે કરાવવામાં આવે તો જ પાણીની સમસ્યા હલ થાય તેમ છે. આ બાબતે જિલ્લા કલેક્ટર બી.જે. ભટ્ટ જાતે જ બધી જ ગટરના સર્વે લેવલ જુવે તો ખેલ ખુલી જાય તેમ છે.



(તસવીર : જય અમીન, મોડાસા)



એડીશનલ ડી.જી. વિપુલ બિજોય બનાસકાંઠા જિલ્લાની મુલાકાતે આવતા સમગ્ર જિલ્લાનું પોલીસ તંત્ર હરકતમાં આવી ગયું હતું. દરમિયાન એ.ડી. જી.પી.એ. ડી.એસ.પી. ઓફિસ, તમામ પોલીસ સ્ટેશનની મુલાકાત લઈ પોલીસ વિભાગના પ્રશ્નો અંગે વિચાર વિમર્શ કર્યા હતા. (તસવીર : હરેશ જોષી)

# પ્રાંતિજના મોયદ નાથાજી ગામે ૫૦૦ શૌચાલયો બનશે

પ્રાંતિજ, તા.૨૪

પ્રાંતિજ તાલુકામાં વસ્તીની દષ્ટિએ સૌથી મોટું ગામ ગણાતા મોયદમાં સરપંચની આગેવાનીમાં ૫૦૦ શૌચાલયો બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સરકારના સ્વચ્છતા અભિયાન અંતર્ગત પ્રાંતિજ તાલુકાના મોયદ ગામના સરપંચ વિપુલભાઈ પટેલ દ્વારા સરકારની યોજનાનો ઉપયોગ કરી ગામમાં જ ૫૦૦ શૌચાલય બનાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ શૌચાલયો બનાવી લોકોને સહાયરૂપ થવાનું ભગીરથ કામ કરતા આ કામગીરીની ચારે બાજુ સરાહના થઈ રહી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦